| |
|---|
| વિદ્યાર્થીઓ<br>ફોટો ચોંટાડી<br>પત્ર અચૂક<br>સાથે લાવવો |

# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ – 380009

## '69'મો પદવીદાન સમારંભ

## પારિતોષિક તથા પદવી લેનારાઓને સૂચના

| ક્રમાંક |
|---|
| |

કોઈ પણ વિશ્વવિદ્યાલય માટે પદવીદાન સમારંભ મહત્ત્વનું પર્વ છે. આ ઉત્સવની ગરીમા જળવાય તે માટે દરેક પાસે શિષ્ટાચારની અપેક્ષા રાખવામાં આવે છે. એ સંદર્ભે નીચેની સૂચનાઓનું ગંભીરતાપૂર્વક પાલન થાય તેવી અપેક્ષા છે. દરેક પદવી લેનારા વિદ્યાર્થીએ સૂચનાપત્રની સાથે પોતાનું કોઈપણ એક ફોટો આઈકાર્ડ (પાનકાર્ડ/લાયસન્સ/ચૂંટણી ઓળખપત્ર/આધારકાર્ડ વગેરે) અચૂક લાવવાનું રહેશે.

1. ગૂજરાત વિદ્યાપીઠનો '69'મો પદવીદાન સમારંભ 18-10-2023ને બુધવારના રોજ સવારના 11-00 વાગ્યે પ્રાણજીવન વિદ્યાર્થીભવનમાં યોજવામાં આવ્યો છે.
2. પદવીદાન સમયે વિદ્યાર્થીએ રૂબરૂ હાજર રહીને પદવી પ્રમાણપત્ર મેળવવાનું છે તે ધ્યાનમાં રાખવું.
3. પદવીદાન સમયે પદવી ધારકે ધારણ કરવાની સ્થવિકા, પદવીક્રમાંકનું કાર્ડ, પદવીદાન વિધિની સમજૂતી મેળવવા તથા પદવી પ્રમાણપત્રમાં પૂરી સહી કરવા તા.18-10-2023 ને બુધવારના રોજ સવારના 8-15 કલાકે 'આ પત્રની પાછળ દર્શાવેલા સ્થળે' નીચે ક્રમ-8માં દર્શાવ્યા મુજબ પૂરા ગણવેશમાં અવશ્ય ઉપસ્થિત રહેવું. આ તારીખે અને સમયે ઉપસ્થિત નહીં રહેનારને તા.18-10-2023 ના પદવીદાન સમારંભમાં પ્રવેશ આપી શકાશે નહીં તથા પદવી ફી પણ પરત મળશે નહીં. પ્રમાણપત્રમાં સહી કરીને પ્રમાણપત્ર ડીનશ્રીને પરત કરવાનું રહેશે.
4. પદવી પ્રમાણપત્ર પર વિદ્યાર્થીએ પોતે જ સહી કરવી. અન્ય વિદ્યાર્થી સહી કરે અને ભવિષ્યમાં સહીના કારણે પ્રશ્ન ઉદભવે તો તેની જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે.
5. વિદ્યાપીઠમાં પદવી લેનારની અનુપસ્થિતિમાં પદવી પ્રમાણપત્ર આપવામાં આવતું નથી. તેથી તા. 18-10-2023ના રોજ ગેરહાજર રહેનારે ત્યાર પછીના વર્ષે પદવીદાન સમારંભમાં પદવી મેળવવા માટે ફરીથી અરજી કરવાની રહેશે. ભરેલી પદવી ફીની પહોંચ બીજે વર્ષે રજૂ કરવાથી પદવી ફી ગ્રાહ્ય રાખવામાં આવશે. પરંતુ જો પદવી ફીમાં વધારો થયો હશે તો તફાવતની રકમ ઉપરાંત વધારાના રૂ.300 ભરવાના રહેશે.
6. પદવી લેનારે પદવીદીઠ **સૂતરની બે આંટી અર્પણ કરવાની રહેશે**. આ માટે રાખવામાં આવેલ કરંડિયામાં આંટી મૂકવાની રહેશે. મંચ ઉપર આવતા પહેલાં આંટી હાથમાં તૈયાર રાખવી. (નોંધ : એક પદવી લેનારે બે આંટી, બે પદવી લેનારે ચાર આંટી.....)
7. પદવીદાન સમારંભ વખતે તમારે ઉપરોક્ત ખાનામાં દર્શાવેલા ક્રમાંક ઉપર બેઠક લેવાની રહેશે.
    - પારિતોષિકની અર્પણવિધિ પહેલાં શરૂ કરવામાં આવશે.
    - પારિતોષિકની સાથે જે પદવી લેવાની હશે તો સાથે જ આપી દેવામાં આવશે.
    - એકથી વધુ પદવી લેવાની હશે તો સાથે જ આપી દેવામાં આવશે.
    - આમ ઉપરોક્ત વ્યવસ્થા મુજબ કોઈપણ વિદ્યાર્થીએ ક્રમ પ્રમાણે એક જ વાર મંચ પર આવવાનું રહેશે.
8. પદવી લેનારા વિદ્યાર્થીઓએ શુદ્ધ સુતરાઉ ખાદીનો ગણવેશ પહેરવાનો રહેશે.
    - ભાઈઓ : સફેદ પાયજામો કે ધોતિયું, ઝભ્ભો (પહેરણ) અને ગાંધીટોપી.
    - બહેનો : રંગીન કિનારી વગરની સફેદ સાદી સાડી અને સફેદ બ્લાઉઝ.
9. તા. 18-10-2023ને બુધવારના રોજ પદવી લેનારાઓએ સવારે 10-30 વાગ્યે પૂરા ગણવેશમાં પ્રાણજીવન વિદ્યાર્થીભવનમાં નિયત ક્રમાનુસાર બેઠક મેળવી લેવાની રહેશે.
10. પદવીદાન વિધિ વખતે પ્રતિજ્ઞા બોલાવાય તે પ્રમાણે મોટેથી સ્પષ્ટ અવાજે સંભળાય તે રીતે એક સાથે પોતાના સ્થાન ઉપર ઉભા રહીને પ્રતિજ્ઞા લેવાની રહેશે.
11. પદવીદાન સમારંભ વખતે શાંતિ જાળવવી.
12. કોઈપણ સંજોગોમાં પદવી લેનારા પદવીધરો કાર્યક્રમ અધવચ્ચે છોડીને જઈ શકશે નહીં.
13. રાષ્ટ્રગીતના ગાન સાથે પદવીદાન સમારંભ પૂરો થશે.
14. વિદ્યાર્થીઓની અનુકૂળતા માટે પદવીદાન સમારંભ માટે એક જ દિવસનું આયોજન કર્યું હોવાથી સમયપાલન અને સચેતતા રાખવી જરૂરી બનશે જેથી દરેક કાર્ય સમયસર થાય.

તા.13/10/2023
પરીક્ષા વિભાગ

કા.કુલસચિવ

(પાછળ)